# ડીસાનાં રિલાયન્સ પેટ્રોલ પંપ નજીક થયેલ મર્ડરની કોર્ટના આદેશથી છ વિરૂદ્ધ ફરિયાદ

ડીસા, તા.૧૮

ડીસાનાં રિલાયન્સ પેટ્રોલ પંપ સામે ઝૂંપડ પટ્ટીમાં રહેતા બે દેવીપુજક પરિવારો વચ્ચે અગાઉ ૧ જુને સાંજના સમયે અંગત અદાવતે તકરાર થઈ હતી જે તકરારે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા બંને પક્ષોના કેટલાક ઈસમો ઘવાયા હતા. તેમાં એક વૃદ્ધની હત્યા થઈ હતી જો કે દેવીપૂજક પરિવારનાં સમાજના આગેવાનોની દરમિયાનગીરીએ પ્રથમ માંડવાળીની વાત ચાલી હતી, જે ફોક થતા ભોગ બનનાર પરિવારે છ વિરુદ્ધ ડીસા ઉત્તર પોલીસ મથકે કોર્ટના હુકમે ખૂનનો ગુનો દાખલ થયેલ છે.

આ અંગેની મળતી વિગતો જોઈએ તો બનાસકાંઠાના ડીસામાં ગત ૧-૬-૨૦૧૪નાં રોજ એક હત્યાનો ગુનો બન્યો હતો જો કે મૃતક પુજાભાઈ દેવીપુજકની હત્યા કરનાર તેમના સગા ભાણેજ હોઈ સમાધાનકારી વલણે પંદર દિવસ સુધી આ મામલે ગુનો દાખલ થયેલ નહિ અને વૃદ્ધની હત્યા કરનાર તેમના સગા ભાણેજ હોઈ સમાધાનકારી વલણે પંદર દિવસ સુધી આ મામલે ગુનો દાખલ થયેલ નહિ અને વૃદ્ધની હત્યા કરાયેલી લાશનાં અંતિમ સંસ્કાર પણ કરાયા હતા. જો કે તે બાદની નવી પરિસ્થિતિમાં સમાધાન ફોક થતા પીડિત પરિવાર ડીસા કોર્ટમાં પહોંચ્યો હતો અને તે બાદ છ વિરુદ્ધ હત્યાની ફરિયાદ નોંધાઈ હતી. ડીસાનાં આ ઝુંપડપટ્ટીમાં ભંગાર વેચવાના ધંધા સાથે સંકળાયેલા કેટલાક દેવીપુજક પરિવારો રહે છે જેમાં પુંજાભાઈ દેવીપુજક ઉંમર વર્ષ ૬૦ અને પ્રતાપભાઈ દેવીપુજક નામના ઈસમો રહેતા હતા જેમની વચ્ચે અંગત અદાવત હતી, જેમાં ગત ૧જૂન ૨૦૧૪માં સમી સાંજે આ બંને પરિવારનાં લોકો વેરની વસુલાતે તીક્ષ્ણ હથિયારો સાથે એકબીજા પર તૂટી પડતા ધિંગાણું સર્જાયું હતું. જેમાં બંને પક્ષોના લોકો ઘવાયા હતા. જો કે ગંભીર રીતે ઘવાયેલા પુજાભાઈ દેવીપુજકનું ડીસા અને તે બાદની અમદાવાદની સારવાર દરમિયાન કરુણ મોત થયું હતું. આમ આ તકરાર ગંભીર ગુના હત્યામાં પરિણમી હતી. જો કે દેવીપૂજક પરિવારનાં સમાજનાં આગેવાનોની દરમિયાનગીરી એ પ્રથમ માંડવાળીની વાત ચાલી હતી. જે ફોક થતા બોગ બનનાર પરિવારે હત્યાનાં આરોપી રામજીભાઈ લક્ષ્ણભાઈ દેવીપુજક, પ્રતાપભાઈ રામાભાઈ દેવીપુજક, ગાંડાભાઈ શિવાભાઈ દેવીપુજક, મનુભાઈ રાજુભાઈ દેવીપુજક, રૂપ્લેશભાઈ પુંજાભાઈ દેવીપુજક, ધીરુભાઈ પુંજાભાઈ દેવીપુજક સહીત છ વિરુદ્ધ ડીસા કોર્ટમાં કેશ દાખલ કર્યો હતો. જેમાં કોર્ટે ડીસા ઉત્તર પોલીસ મથક સીઆરપી, સી. કલમ ૧૫૬ (૩) અન્વયે ગુનો દાખલ કરવા હુકમ કરતા ઉત્તર પોલીસ મથકમાં છ વિરુદ્ધ હત્યાની ફરિયાદ નોંધાઈ છે.

જો કે આ હત્યાના ગુનામાં પોતાના સગા ભાઈની હત્યામાં પોતાના પુત્રો નિર્દોષ હોવાનું મૃતકની બહેન અને સાહેદ મહિલા દ્વારા જણાવાયું હતું. જો કે સાહેદ એવી આ મહિલા એ 'તકરાર' થઈ હતી તેવું કબૂલી પોતાના પુત્રોને પણ ગંભીર ઈજાઓ થઈ હોવાનું જણાવ્યું હતું.



ડીસા દક્ષિણ પોલીસ મથકનું જર્જરીત મકાનનું અંદાજે ૨૭૨ લાખના ખર્ચે નવીનીકરણ હાથ ધરવામાં આવ્યું છે. જેના લીધે હંગામી ધોરણે ડીસા દક્ષિણ પોલીસ મથકને ભણશાલી રોડ પર આવેલ ખેતીવાડી ખાતાની કચેરીમાં કાર્યરત કરવામાં આવી છે. (તસવીર : કાન્તિલાલ લોધા)

# એસિડથી બળી ગયેલી અન્નનળીનું સફળ ઓપરેશન

## અમદાવાદની કાઈઝેન હોસ્પિટલના તબીબોએ એક વર્ષ પહેલા એસિડ પીવાથી એક મહિલાની બળી ગયેલી અન્નનળીનું સફળ ઓપરેશન કર્યું : મોટા આંતરડામાંથી નવી અન્નનળી બનાવી નાંખવામાં આવી

ગાંધીનગર, તા. ૧૮

દરેક માનવીના મનને કળી શકવું એ ખૂબ જ મુશ્કેલ કાર્ય છે, જીવનમાં ક્યારેક એવા સંજોગો ઉભા થઈ જાય છે કે માણસ આવેશમાં આવીને અણછાજતુ પગલું ભરી દે છે પછી તેનો વસવસો આજીવન રહી જાય છે. રાધનપુરની એક મહિલાના જીવનમાં બનેલી એક કમનસીબ ઘટનાને કારણે તેની જીંદગી દોઝખ બની ગઈ હતી. આજથી એક વર્ષ પહેલા આ મહિલાએ કોઈ અગમ્ય કારણોસર એસિડ ગટગટાવ્યું હતું. જેના કારણે તેની અન્નનળી સંપૂર્ણપણે બળી ગઈ હતી. તાજેતરમાં અમદાવાદની કાઈઝેન હોસ્પિટલમાં અન્નનળીનું સફળ ઓપરેશન કરી ડોક્ટરોએ આ મહિલાને યાતનાભરી જીંદગીમાંથી મુક્તિ અપાવવામાં સફળતા મેળવી હતી.

એસિડ પીવાને કારણે અન્નનળી બળી જવાથી આ મહિલાને જીવંત રાખવા પેટના ભાગે પંક્ચર કરી નળી નાખી તેના વડે પ્રવાહી ખોરાક આંતરડા સુધી પહોંચાડવામાં આવતો હતો. આવી યાતના ભરેલી જીંદગીથી કંટાળેલી આ મહિલાએ એક વર્ષ દરમ્યાન અનેક હોસ્પિટલો અને નિષ્ણાંત ડોક્ટરોની સારવાર લીધી હતી પરંતુ કોઈ ઉપચાર મળ્યો નહોતો. તાજેતરમાં આ મહિલાએ પાટણ ખાતે આવેલ ડૉ. કે.એસ. પટેલની હોસ્પિટલની મુલાકાત લીધી હતી અને ત્યાં ડૉ. કે.એસ. પટેલે આ મહિલાને અમદાવાદની કાઈઝેન હોસ્પિટલમાં લઈ જઈને ઓપરેશન દ્વારા નવી અન્નનળી નાંખી આપવાની ખાત્રી આપી હતી. આ શસ્ત્રક્રિયાને મેડીકલ સાયન્સમાં 'ફેરીગો કોલો પ્લાસ્ટી' તરીકે ઓળખવામાં આવે છે જેમાં દર્દીના પેટમાંથી મોટુ આંતરડુ કાપી તેની અન્નનળી બનાવી જુની અન્નનળીની જગ્યાએ લગાડાય છે.

લગભગ સાત કલાક ચાલેલા આ સફળ ઓપરેશન બાદ ડૉ. કે.એસ. પટેલે આ મહિલાને નવી અન્નનળી લગાડી હતી. ઓપરેશન બાદ ૧૦-૧૨ દિવસની સારવાર પછી આ મહિલા સંપૂર્ણપણે સ્વસ્થ થઈ ગઈ હતી અને ખોરાક પણ લેતી થઈ ગઈ હતી. છેલ્લા એક વર્ષથી દુષ્કર બની ગયેલી આ મહિલાની જીંદગીમાં નવો વળાંક આવ્યો હતો અને મહિલાના કુટુંબીજનોની ધીરજ, પ્રયત્નો અને હિંમત ઉપરાંત કાઈઝેન હોસ્પિટલની ટીમના વિશ્વાસે આ ચમત્કાર સર્જ્યો હતો આમ, જીંદગી પ્રત્યેના સકારાત્મક અભિગમથી એક વ્યક્તિને ખૂબ મોટી મુશ્કેલીમાંથી હસતાં હસતાં બહાર આવવાની તાકાત મળી હતી.

# બીએસસીના પ્રવેશ ફોર્મની ફીનો એનએસયુઆઈ દ્વારા ઉગ્ર વિરોધ

## રૂપિયા ૩૫૦ ફોર્મ ફી પેટે ઉઘરાવાય છે પરંતુ વિદ્યાર્થીઓને માર્ગદર્શક પુસ્તિકા અપાતી નથી : ગુજરાત સરકારની ઉઘાડી લુંટ સામે આ ફી બંધ નહીં કરાય તો ઉગ્ર આંદોલનની ચીમકી

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત યુનિવર્સિટી ખાતે બીએસસીની ફોર્મ ફી માટે રૂપિયા ૩૫૦ લેવામાં આવી રહ્યા છે અને આ પેટે વિદ્યાર્થીઓને માત્ર એક પીન નંબર આપવામાં આવે છે પરંતુ કોઈ માર્ગદર્શક પુસ્તિકા કે હેલ્પ સેન્ટર પણ આપવામાં આવ્યું નથી આથી વિદ્યાર્થીઓ મુંઝવણભરી પરિસ્થિતિમાં મુકાઈ રહ્યા છે. નેશનલ સ્ટુડટન્સ યુનિયન ઓફ ઈન્ડિયા એટલે કે એનએસયુઆઈ દ્વારા આ ફોર્મ આપીને ગુજરાત સરકારની ઉઘાડી લુંટ ગણાવાઈ છે અને તેનો ભારે વિરોધ નોંધાવાયો છે તેમજ જો તાત્કાલિક આ પ્રશ્ને ઘટતું નહીં કરવામાં આવે તો ઉગ્ર આંદોલનની ચિમકી પણ એનએસયુઆઈ દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

અમદાવાદ ખાતે ગુજરાત યુનિવર્સિટીના એસીપીસી બિલ્ડીંગમાં બીએસસીની ફોર્મ ફી માટે વિદ્યાર્થીઓ પાસેથી રૂપિયા ૩૫૦ ઉઘરાવાઈ રહ્યા છે. વિદ્યાર્થીઓને આ પેટે માત્ર એક પીન નંબર ફાળવાય છે પરંતુ સાથે કોઈ પ્રકારની માર્ગદર્શક પુસ્તિકા પણ આપવામાં આવતી નથી તેથી તેઓ મુંઝવણમાં મુકાઈ રહ્યા છે. વળી આ વિદ્યાર્થીઓને મદદ કરવા પણ યુનિવર્સિટી દ્વારા કોઈ હેલ્પ સેન્ટર જેવી પણ વ્યવસ્થા કરવામાં આવી નથી આથી એનએસયુઆઈએ વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કરવા એક હેલ્પ ડેસ્ક ઓપન કર્યું છે જેના પર માહિતી પૂરી પાડવામાં આવે છે.

એનએસયુઆઈના જણાવ્યા મુજબ બીએસસીની સેન્ટ્રલાઈઝડ પધ્ધતિ છે જે સમગ્ર ગુજરાતની બીએસસી કોલેજોને લાગુ પડે છે એટલે આ ફોર્મ ફી એ ગુજરાત સરકારનો નિર્ણય છે જે એક ઉઘાડી લુંટ સમાન છે. આ નિર્ણયનો એનએસયુઆઈ દ્વારા ભારે વિરોધ કરાયો હતો અને એસીપીસીના જનરલ સેક્રેટરી એમ.બી. ધોળકિયાને રજુઆત કરવામાં આવી હતી. એનએસયુઆઈના કાર્યકરોએ જયારે આ બાબતે કુલપતિ એમ.એન. પટેલને આ બાબતનો વિરોધ નોંધાવવા ગયા ત્યારે તેમને પોલીસ દ્વારા અટકાવાયા હતા. જેમાં બે વિદ્યાર્થી નેતાઓને ઈજાઓ પણ થઈ હતી. આમ છતાં એનએસયુઆઈએ કુલપતિને રજૂઆત કરી આ બાબતે ગુજરાત સરકાર સમક્ષ વિદ્યાર્થીઓના અવાજને પહોંચાડવા નિવેદન કર્યું હતું આમ છતાં એનએસયુઆઈએ જો આ સંદર્ભે કોઈ હકારાત્મક પરિણામ નહીં આવે તો અતિ ઉગ્ર આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી હતી.

# પાલનપુરમાં રથયાત્રા નિમિત્તે જાહેરનામું પ્રસિધ્ધ

પાલનપુર, તા.૧૮

આગામી અષાઢી બીજના તહેવાર નિમિત્તે પાલનપુર શહેરમાં રથયાત્રા નીકળનાર છે. આ રથયાત્રા તા. ૨૯જૂન ૨૦૧૪ના રોજ ૧૪.૦૦ વાગ્યે મોટા રામજી મંદિરથી નીકળી પથ્થર સડક, મોટી બજાર, નાની બજાર, છુવારા ફી, બહાદુર ગંજ, ત્રણબત્તી, જુમા મસ્જિદ, ખોડા લીમડા, ગઠામણ ગેટ, સંજય ચોક, ગુરૂનાનક ચોક, સિમલાગેટ, દિલ્હીગેટ, થઈ ૧૯.૩૦ વાગે રામજી મંદિર પરત ફરશે. આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાવાની શકયતા છે. જેથી પાલનપુર શહેર નગરપાલિકા વિસ્તારના માર્ગો ઉપર વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ મુકવો હિતાવહ અને જરુરી જણાય છે.

ડી.એ.શાહ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, બનાસકાંઠા પાલનપુરને ગુજરાત પોલિસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧)ના ખંડ (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ તા. ૨૯ જૂન ૨૦૧૪ના રોજ ૧૪.૦૦ કલાકથી ૨૦.૦૦ કલાક સુધી પાલનપુર શહેર (પૂર્વ) પોલીસ સ્ટેશન વિસ્તારમાં રેલવે ઓવરબ્રિજ અંદરના સમગ્ર વિસ્તારમાંથી થ્રી વ્હીલર, ફોર વ્હીલર વાહનો ફેરવવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. આ પ્રતિબંધ રથયાત્રા પસાર થવાના સમય પુરતો પોલીસ નિયંત્રણ મુજબ રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ સજાને પાત્ર થશે.

# નર્મદા યોજના સંદર્ભે વિપક્ષી નેતા લાજવાને બદલે ગાજે છે

## નર્મદા યોજનામાં કોંગ્રેસે કેવા અવરોધો નાખ્યા તેના કાળા કામોનું બ્લેક પેપર બહાર પાડવા માટેની જરૂર છે : પ્રવક્તા

ગાંધીનગર, તા.૧૮

રાજ્ય સરકારના પ્રવક્તા આરોગ્ય મંત્રી નીતિન પટેલ અને નાણામંત્રી સૌરભ પટેલે નર્મદા યોજના મુદ્દે શ્વેતપત્ર બહાર પાડવાની વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાની માંગણીને લાજવાને બદલે ગાજવાની ગણાવી છે.

પ્રવકતા મંત્રીઓએ વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ નર્મદા યોજના સંબંધે જે સવાલો ઉઠાવ્યા છે તે કોંગ્રેસની ખેડૂતવિરોધી-ગુજરાતવિરોધી માનસિકતા છતિ કરનારા જ છે તેમ સ્પષ્ટપણે જણાવ્યું છે. તેમણે જણાવ્યું કે, નર્મદા યોજનાનો પાયો સ્વ. જવાહરલાલ નહેરૂએ ૧૯૬૧માં નાંખ્યા બાદ આ બહુહેતુક યોજનાની પ્રગતિમાં ત્યાર પછી તમારા જ પક્ષની કેન્દ્ર સરકારોએ દાયકાઓ સુધી રોડા નાખવાનું જ કામ કર્યું છે. શ્વેતપત્ર બહાર પાડવાની માંગણી કરતા વિપક્ષના નેતા પહેલાં મુખડા દેખો દર્પન મેં ની જેમ આ યોજનામાં આટલો વિલંબ કોની આડોડાઈ અને ગુજરાત વિરોધી માનસિકતાને કારણે થાયો એ તો જાણી લે અને ગુજરાતને કોંગ્રેસે કરેલા અન્યાયનું બ્લેક પેપર બહાર પાડે એવો સ્પષ્ટ જવાબ પ્રવક્તા મંત્રીઓએ આપ્યો છે.

પ્રવક્તા મંત્રીઓએ કહ્યું કે ગુજરાતની સુકી ધરતી અને વારંવાર દુષ્કાળનો ભોગ બનતા સૌરાષ્ટ્ર ઉત્તર ગુજરાત-કચ્છ જેવા વિસ્તારોમાં પાણીની અછત દૂર કરવા આ યોજના જીવાદોરી સમાન છે ત્યારે એની ઉંચાઈ વધારવાથી છેક છેવાડાના વિસ્તારોને પાણી પહોંચાડી શાકશે તેવા ઈજનેરી અભિપ્રાય છતાં પણ જો આ યોજના સાકાર થાય તો ભારતીય જનતા પાર્ટીને યશ મળે તે રોકવાના રાજકીય બદઈરાદાથી તત્કાલીન કેન્દ્રની કોંગ્રેસ સરકારે ન તો ઉંચાઈ વધારવાની કે ન દરવાજા મુકવાની પરવાનગી આપી પરંતુ ગુજરાતની જનશક્તિના સહયોગથી તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કેન્દ્રના અન્યાય સામે વર્ષ ૨૦૦૬માં ઉપવાસના શસ્ત્રથી ઝઝૂમીને બંધની ઉંચાઈ ૧૧૦ મીટર કરવા કોંગ્રેસને મજબુત કરી હતી. એ વાત દેશ-દુનિયાની પ્રજા અને કોંગ્રેસીઓ પણ જાણે જ છે ત્યારે હવે યોજનામાં વિલંબ થયાની ગુનાહીત બેદરકારીના વાજા વિપક્ષી નેતા કયા મોઢે વગાડે છે તેવો સવાલ પ્રવક્તા મંત્રીઓએ ઉઠાવ્યો છે.

# આઝમખાન સરાઈ કિલ્લામાં બાંધકામ અંગે સ્ટેને લંબાવાયો

અમદાવાદ, તા.૧૮

શહેરના લાલ દરવાજા વિસ્તાર સ્થિર ભદ્ર સીટી સીવીલ સેશન્સ કોર્ટ કમ્પાઉન્ડમાં આવેલી આઝમખાન સરાઈ કિલ્લા આસપાસ બાંધકામ વિરુદ્ધ થયેલી પિટિશનમાં ગુજરાત હાઈકોર્ટના જજ ભાસ્કર ભટ્ટાચાર્ય અને જેબી પારડીવાલાની ખંડપીઠે કિલ્લાની આસપાસ બાંધકામ કરવા સામેનો સ્ટે વધુ એક સપ્તાહ માટે લંબાવી દીધો છે. હવે આગામી સુનાવણીમાં હાઈકોર્ટની બેંચ પર આ મામલે પોતાનો નિર્ણય જાહેર કરે તેવી શક્યતા છે. વાત એમ છે કે ઔતિહાસિક મહત્વ ધરાવતા ભદ્ર કિસ્સા સ્થિત પૌરાણિક આઝમખાન સરાઈ કિલ્લાના ૧૦૦ મીટરના દાયરામાં નવું બાંધકામ કરવા મામલે ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન દાખલ થઈ હતી. જેમાં અરજદાર પક્ષ તરફથી એવી રજુઆત થઈ હતી કે ઈ.સ. ૧૪૧૧માં આઝમખાન સરાઈ કિલ્લો બાંધવામાં આવ્યો હતો. આ કિલ્લો પૌરાણિક હોવાથી પુરાતત્વ વિભાગ દ્વારા સુરક્ષિત ઈમારત જાહેર કરવામાં આવેલ છે. ઈમારતના ૧૦૦ મીટર વિસ્તારના દાયરામાં કોઈ નવું બાંધકામ કરી શકાય નહીં. બીજી તરફ રાજ્ય સરકાર વતી એવો જવાબ રજુ થયો હતો કે તેઓએ પુરાતત્વ વિભાગ પાસેથી મંજુરી મેળવી કાર્યવાહી હાથ ધરી છે. હાલ આ પિટિશન ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ ભાસ્કર ભટ્ટાચાર્ય અને જેબી પારડીવાલાની બેન્ચ સમક્ષ ચાલી રહી છે. ગુજરાત હાઈકોર્ટની બેન્ચે આઝમખાન સરાઈ કિલ્લા આસપાસ બાંધકામ કરવા સામેની પિટિશન મામલે એક સપ્તાહનો વધુ સ્ટે લાદયો છે.

# પીએચ.ડી.ની પદવી મેળવી

ગાંધીનગર, તા. ૧૮

શ્રી યુ.પી. આર્ટસ, શ્રીમતી એમ.જી. પંચાલ સાયન્સ એન્ડ શ્રી વી.એલ. શાહ કોમર્સ કોલેજ, પીલવાઈના અધ્યાપક અને હેમ. ઉત્તર ગુજરાત યુનિ., પાટણના સેનેટ સભ્ય કમલેશ એ. પટેલે .Development of an Inventory Models under uncertain environment' વિષય ઉપર રજૂ કરેલ શોધ નિબંધને કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગરએ ગણિતશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી. પદવી માટે માન્ય કરેલ છે. આ શોધ નિબંધ ડૉ. હાર્દિક એન. સોનીના માર્ગદર્શન નીચે પૂર્ણ કરેલ છે.



તેઓએ પ્રાપ્ત કરેલ સિદ્ધિ માટે મિત્રો અને કોલેજ પરિવાર ગર્વની લાગણી અનુભવે છે.

# જેઈઈ-એડવાન્સ પરીક્ષાનું આજે પરિણામ જાહેર થશે

અમદાવાદ, તા.૧૮

દેશની પ્રખ્યાત ઈજનેરી અને આઈઆઈટી કોલેજોમાં પ્રવેશ માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા જેઈઈ-એડવાન્સની પરીક્ષા લેવામાં આવી હતી. જેનું પરિણામ આવતીકાલે જાહેર કરવામાં આવશે. ઉમેદવારો વેબલાઈટ www.jeeadv.iitd.ac.in પર લોગીંગ કરીને પોતાનું પરિણામ જાણી શકાશે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા લેવામાં આવેલ જેઈઈ-એડવાન્સની પરીક્ષાનું પરિણામ આવતીકાલે વેબસાઈટ ઉપર જાહેર કરવામાં આવશે. પરિણામ જાહેર થયા બાદ વિદ્યાર્થીઓ ૨૪મી જુન સુધી અભ્યાસક્રમ અને કોલેજ પસંદગી માટે અરજી કરી શકશે ત્યારબાદ પહેલી જુલાઈએ પ્રથમ રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે અને ૭મી જુલાઈએ બીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આઈઆઈટી ખડપુર સહિત દેશની ટોચની આઈઆઈટી અને ઈજનેરી કોલેજોમાં પ્રવેશ માટે જેઈઈ એડવાન્સની પરીક્ષા લેવામાં આવે છે. આ પરીક્ષામાં દેશભરમાંથી કુલ ૩૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમના ભવિષ્યનો નિર્ણય આવતીકાલે થશે.

# વીજળી બીલ ફરજીયાત આપવા માટેનું ફરમાન

નોન-ક્રિમીલેયર, આવકના દાખલામાં ફોર્મ પર સ્પષ્ટ લખ્યું છે કે રહેઠાણના પુરાવા તરીકે અરજદાર રેશન કાર્ડ, ટેલિફોન બીલ, મ્યુનિસિપલ ટેક્ષ બીલ રજુ કરી શકે પરંતુ તંત્ર વિદ્યાર્થી-વાલીઓને ફરજીયાત લાઈટ બીલ રજુ કરવા ફરજ પાડે છે જે અરજદારના ઘરે વીજ કનેક્શન ન હોવા છતાં તેઓના લાઈટબીલ વગર ફોર્મ પણ સ્વીકારવા તંત્ર તૈયાર નથી. નોન-ક્રિમીલેયર સર્ટીફીકેટ કઢાવવા વિદ્યાર્થીઓને મા-બાપ અભણ હોય છતાં ફોઈનું એલસી આપવું ફરજીયાત છે. વિદ્યાર્થીના સર્ટીફીકેટ સાથે ફોઈના એલસીનું શું કનેક્શન ઉપરાંત ફોઈનું એલસી લેવાનું હેતુ ખબર પડતી નથી. ઉપરાંત અમુક કેસોમાં ફોઈ જીવિત ના હોય કે ફોઈ જ ના હોય તો પણ વિદ્યાર્થીઓને મામા, કાકા, કાકી, માસા-માસીનું એલસી આપવું પડે છે.

## શબ્દાવલી - ૫૪૨૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ■ | ૩ | ૪ |
| | | | ■ | ■ | ૫ | | |
| ૬ | ૭ | ■ | ૮ | ૯ | | | |
| ૧૦ | | | | | | | ■ |
| ■ | | ■ | | ■ | ૧૧ | ■ | ૧૨ |
| ૧૩ | | ■ | | ■ | | ■ | |
| | ■ | ૧૪ | ■ | ૧૫ | | ૧૬ | |
| ૧૭ | | | | ■ | ૧૮ | | |

### આડી ચાવી

૧. ટકરામણ, મુઠભેડ (૫)
૩. પપ્પાના નાનાભાઇ (૨)
૫. ઇન્ડિયા (૩)
૬. પળ, ક્ષણ (૨)
૮. છોરૂ-કછોરૂ થાય પણ માવતર... ન થાય (૫)
૧૦. પરવાહ વિનાનું (૫)
૧૩. સુંઘવાની ઇન્દ્રિય (૨)
૧૫. 'સાવચેત' શબ્દ આડોઅવળો (૪)
૧૭. ઇનામ, શાબાશી (૪)
૧૮. ધિક્કાર (હિન્દી કે ઉર્દૂ શબ્દ)

### ઊભી ચાવી

૧. અટકચાળા (૪)
૨. ધાડપાડુ, ગબ્બરસિંહ... હતો (૨)
૩. ગુજરાતી પ્રથમ મહિનો(૪)
૪. કપડા વગેરે વેતરવાનું સાધન (૩)
૫. કિંમત, મૂલ્ય (૨)
૭. લાફો (૪)
૮. લશ્કરી તાલીમ, પરેડ (૪)
૯. મહિનો, માસ (૨)
૧૧. દુષ્યન્ત રાજાની પત્ની (૪)
૧૨. ચેતીને ચાલતું હોય તેવું(૪)
૧૩. કલંક, ખોટા કાર્યમાં ખોટું નામ આવવું (૩)
૧૪. છાપકામ કરનાર (૨)
૧૬. જંગલ, વગડો (૨)

### શબ્દાવલી ૫૪૨૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) ખટરાગ (૫) ફાલસા (૭) જૂનવાણી (૮) પાકા (૯) તુક્લ (૧૧) કર (૧૩) જામ (૧૪) જેક (૧૫) વરા (૧૭) રળવું (૧૮) તવ (૧૯) દ્યપૂ (૨૦) બરક (૨૨) રજામંદી (૨૩) ટીમ

**ઊભી ચાવી :-** (૧) ખજૂર (૨) ટન (૩) રાવાપાર (૪) ગણીકા (૫) ફાલતુ (૬) સામેલ (૧૦) કરવત (૧૧) કમળપૂજા (૧૨) ચકચાર (૧૩) જોરદાર (૧૬) ચકચાર (૧૩) જોરદાર (૧૬) રાવણ (૨૦) બદી (૨૧) કરી

## ભારતીયોનું અપહરણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હિંસાગ્રસ્ત ઈરાકમાં ચાવીરૂપ શહેરો ઉપર અંકુશ જમાવનાર સુન્ની ભાંગફોડિયાઓ ઉપર અગાઉ આક્ષેપ કરવામાં આવ્યો હતો. અપહરણ કરાયેલા નાગરિકો મોટાભાગે ઉત્તરભારતના અને ખાસ કરીને પંજાબના હોવાનું જાણવા મળેલ છે. ભારત માનવતાવાદી સંસ્થાઓ અને ઈરાકી સરકાર સાથે સંપર્કમાં છે. તેમને છોડાવવા માટે તમામ પ્રયાસો હાથ ધરવામાં આવશે. આ તમામ લોકો એક કન્સ્ટ્રકશનના કામમાં લાગેલા હતા. સુત્રોએ કહ્યું છે કે આ ભારતીય લોકોના અપહરણમાં ઈસ્લામિક સ્ટેટ ઈન ઈારાક એન્ડ અલ શામના ત્રાસવાદીઓનો હાથ હોવાની પ્રબળ શક્યતા દેખાઈ રહી છે. જો કે કોઈ પણ સંગઠને હજુ સુધી આની જવાબદારી લીધી નથી. કોઈ માંગ પણ કરવામાં આવી નથી. બીજી બાજુ ઈરાકમાં હાલ ૪૬ ભારતીય નર્સ પણ અટવાઈ છે. તેમની સુરક્ષાની ખાતરી કરવા તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. ભારત સરકારે પોતાના નાગરિકોની સુરક્ષા માટે તમામ પગલા લીધા છે. સાથે સાથે દેશ વાપસીના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ઈરાકમાં ભારતના પૂર્વ રાજદુત સુરેશ રેડ્ડીને સમજુતી માટે મોકલાવામાં આવ્યો છે. રેડ્ડીની હાલમાં આશિયાન દેશોના વિશેષ દુત તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિદેશ નિતીના નિષ્ણાંતો અને સુરક્ષા સલાહકારોને સ્પષ્ટપણે કહ્યું ચે કે અપહરણ કરવામાં આવેલા ભારતીયોની સુરક્ષિત દેશ વાપસી થાય તેના માટે તમામ પગલા લેવામા આવે. સરકારી સુત્રોએ કહ્યું હતું કે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોવાલ પોતે બચાવ કામગીરી પર નજર રાખી રહ્યા છે. સદ્દામ હુસેનના વતન શહેર ટિકરીટમાં ૪૬ ભારતીય નર્સ પણ અટવાયેલી છે. તેમાંથી ૧૪ ત્યાંથી નિકળીને ભારત પરત આવવા ઈચ્છુક છે. જ્યારે અન્યોનુ કહેવુ છે કે દહેશત ચોક્કસ પણે છે પરંતુ તે તે બારત નહી આવે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે જ્યારે ભારતીયોને મોસુલ શહેરથી બહાર લઈ જવામાં આવી રહ્યા હતા ત્યારે આ બનાવ બન્યો હતો. વિદેશ મંત્રાલયના સુત્રોએ કહ્યું હતું કે આ બનાવ બન્યો છે. પરંતુ હજુ સુધી ભારતીયોથી કોઈ સંપર્ક થઈ શક્યો નથી.

## સવા લાખની લૂંટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમનું લાયસન્સ તથા જરૂરી દસ્તાવેજો ઉપરાંત રૂ.૧.૨૪ લાખ રોકડા ભરેલા હતા. કલોલ-અમદાવાદ હાઈવે પર શેરથા ટોલટેક્ષની આગળ બાઈક લઈને વેપારી રેલ્વે અન્ડરબ્રીજ પાસે પહોંચ્યા તે દરમિયાન એક સીએનજી રીક્ષાના ચાલકે તેમના બાઈકને ટક્કર મારી હતી. અકસ્માતના બહાને રીક્ષાચાલક તથા અન્ય બે વ્યક્તિ સહીત ત્રણ જણા રીક્ષામાંથી છરી અને સળિયો લઈને ઉતર્યા અને વેપારીની ઉપર હિંસક હુમલો કરીને તેની પાસે રહેલી રૂપિયા સવા લાખ રોકડા ભરેલી બેગ લુંટી લઈ ત્રણેય લુંટારુઓ પળવારમાં રીક્ષા લઈને ફરાર થઈ ગયા હતા. વેપારી લોહીલુહાણ હાલતમાં સારવાર કરાવીને અડાલજ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને ત્રણેય અજાણ્યા યુવાન લુંટારુઓ સામે ફરિયાદ આપી હતી. વેપારીના બેગમાં રૂપિયા હોવાની બાતમી કોઈ જાણભેદુએ આપી હોય તેવી પણ શક્યતા નકારી શકાય નહિ. તો બીજી તરફ ટ્રાફિકથી સતત ધમધમતા આ ઘટનાના સ્થળ પર સાંજના અરસામાં આ પ્રકારે લુંટનો ગુનો આચરવો એ બાબત પોલીસના પેટ્રોલિંગ પર સવાલ કરે છે.

## પ્રોજેક્ટ અટવાયો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે હાલ ફેઈઝ-૨ બી નું કામ પણ પ્રગતિ હેઠળ છે. આ ઉપરાંત મહાત્મા મંદિરથી સચિવાલય સુધીના બેલ્ટમાં સ્વર્ણિમ પાર્કની મહત્વકાંક્ષી યોજનાનું કામ પણ ઝડપભેર ચાલી રહ્યું છે. જેમાં ઘ-૪ થી ચ-૪ વચ્ચેના રૂટમાં કામ શરુ કરી દેવાયું છે. બીજી તરફ પંચામૃતભવનનો પ્રોજેક્ટ જાણે સ્થળ મુજબ કોરાણે મૂકી દેવાયો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. પ્રેઝન્ટેશનના લાંબા સમય બાદ પણ પ્રોજેક્ટની કામગીરી આગળ વધારવા વિભાગના ઉચ્ચ અધિકારીઓ કોઈ હરકતમાં નથી.

ટચૂકડી જાહેર ખબર
**નામ બદલેલ છે**
મારૂં નામ કુ. શ્રીમાળી દલીબેન જેઠાભાઈ હતું તે બદલી નવું નામ શ્રીમતી શ્રીમાળી દક્ષાબેન ભીખુભાઈ રાખેલ છે.
સરનામું : પ્લોટ નં. ૬૫૩/૧, સેક્ટર-૮/બી, ગાંધીનગર-૩૮૨૦૦૭

**Change of NAME**
OLD / Incorrect NAME
TANU
D/o ARJUN SINGH BAUHARA
NEW/Correct NAME
DRASHTI BAUHARA
D/o. ARJUN SINGH BAUHARA
: Date of Birth :
14-December 2010
Address :
Vill. RAJPUR, Po. MALAKPUR
Ta. ANUPSHAHR.
Dist. BULANDSHAHR (U.P.)

**જાહેર હરાજી**
જીલ્લા માહિતી કચેરી હિંમતનગરના વાહન GJ-1-G-3830 સુમો તથા માહિતી અને પ્રસારણ વિભાગ હસ્તકના વાહન GJ-18-G-1825 મારૂતિ એસ્ટીમના નિકાલ માટે જાહેર હરાજી તા. ૨૬/૬/૧૪ને ગુરૂવારના રોજ બપોરે ૧૧-૩૦ કલાકે રૂરલ બ્રોડકાસ્ટીંગ, ઈલેક્ટ્રોનીક મીડીયા ભવન, સેક્ટર-૧૬, વિદ્યા લાયબ્રેરી સામે, ગાંધીનગર ખાતે રાખેલ છે. રસ ધરાવતા ઈસમોએ રૂ. ૧૦,૦૦૦/-નો ડીડી "Account Officer, Commissionerate of Information Gandhinagar" ના નામોનો ૧૧-૦૦ કલાકે સ્થળ ઉપર જમા કરાવવાનો રહેશે. અન્ય શરતો સ્થળ ઉપર જણાવવામાં આવશે. માહિતી/૪૧૬/૧૪-૧૫